ખાલી જગ્યાના ચાર્જ એલાઉન્સ મંજુર
કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંક:મહક/૧૦૨૦૧૪/૧૦૫૪/અ
ગૃહ વિભાગ, સચિવાલય
ગાંધીનગર
તા.૨૩/૦૫/૨૦૧૪

<u>પરિપત્ર:-</u>.

રાજ્યના પોલીસ ખાતામાં સીવીલીયન કર્મચારીઓની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી રહેવા પામેલ છે. આથી આ ખાલી જગ્યાનો ચાર્જ અન્ય કર્મચારીને તેમની કામગીરી ઉપરાંત સોંપવામાં આવે છે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા ચાર્જ એલાઉન્સ મંજુર કરવાની દરખાસ્તો અત્રે મોકલવામાં આવે છે. અનુભવે એવું જણાયેલ છે કે આ દરખાસ્તો અધુરી વિગતો સાથેની અથવા તો ઘણા લાંબા સમય પછી કરવામાં આવે છે. આથી આ અંગે કચેરી પાસેથી જરૂરી વિગતો/સ્પષ્ટતા મેળવવામાં આવતાં દરખાસ્ત વિલંબમાં પડે છે તથા અત્રે કામગીરી બેવડાય છે. આથી હવે ચાર્જ એલાઉન્સ મંજુર કરવાની દરખાસ્તો જી.સી.એસ.આર.(પગાર) નિયમો ૨૦૦૨ તેમજ નાંણા વિભાગના તા.૨૮/૨/૨૦૦૦ તથા તા.૮/૧/૨૦૦૧ની જોગવાઇ મુજબ ચકાસણી કરીને નીચે દર્શાવ્યા મુજબની વિગતો સાથે રજુ કરવા આપને જણાવવામાં આવે છે.

(૧) કર્મચારીને ચાર્જ સોંપ્યા તથા ચાર્જ મુક્ત કર્યા અંગેના હુકમની નકલ.
(૨) નિયત ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતો.
(૩) ચાર્જ સંતોષકારક સંભાળ્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
(૪) ચાર્જના સમયગાળા દરમ્યાન કર્મચારીએ ભોગવેલ રજાઓ અંગેની માહિતી.
(૫) જગ્યા એક વર્ષ ઉપરાંતના સમયથી ખાલી હોય તો તે ખાલી રહેવાના કારણો તથા તે ભરવા માટે લેવામાં આવેલ પગલાંની વિગતો.
(૬) ચાર્જ હેઠળની જગ્યા છેલ્લે ભરાયેલ છે કે કેમ?
(૭) ચાર્જ એલાઉન્સની દરખાસ્તો ઘણા વિલંબ બાદ રજુ કરવામાં આવે છે, ક્યારેક તો એક બે વર્ષ ઉપરાંતના વિલંબ બાદ દરખાસ્ત કરવામાં આવે છે. આથી હવે કર્મચારી ચાર્જ મુક્ત થયાના ત્રણ માસમાં આવી દરખાસ્તો અચુક રજુ કરવી.

આપનો વિશ્વાસુ,

(ડી.આર.પરમાર)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

( P.T.O)

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તાલીમ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રી.
- સેકશન અધિકારીશ્રી, સ શાખા, વ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા/નાસે.અ. સીલેક્ટ ફાઇલ